ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ડ્રોઈંગ કોમ્પિટિશન યોજવામાં આવી

બાળકોની કલ્પના શક્તિનો વિકાસ થાય અને તેઓ ડ્રોઈંગમાં મહારત હાંસલ કરે તેવા આશયથી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધોરણ-૧થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ડ્રોઈંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા બાળકોને અગાઉથી વિષયો આપી ચિત્રો તૈયાર કરાવવામાં આવ્યાં હતાં. કોમ્પિટિશનને અંતે ધોરણ દીઠ શ્રેષ્ઠ ચિત્ર તૈયાર કરનાર વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

નાણાં વિશે બાળકોને શીખવવાની શરૂઆત નાની ઉંમરે થાય છે. પૈસાની રજૂઆતમાં રોકડ ઓળખ અને ગણતરીની કુશળતા સામેલ છે. જીવનયાપન કરવામાં પૈસાની કેટલી સંભાળ લેવી તે મહત્ત્વ જોતાં, દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરે યુકેજી બાળકો માટે એક બજારનું આયોજન કર્યું હતું. બજારોનું આયોજન માતા-પિતા અને શિક્ષકો દ્વારા હાથમાં લેવામાં આવ્યું હતું. સ્ટોલ લગાવવા માટે માતાપિતાએ અથાગ મહેનત કરી. આ બજારમાં સ્ટેશનરી વસ્તુઓ, રમતો, ખાવા યોગ્ય વસ્તુઓ, સ્ટીકરો, ક્લિપ્સ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાળકોએ જાતે પોતાના પૈસા ખર્ચ કરીને સામગ્રી ખરીદવાની અને રમતો રમવાની મજા માણી હતી. મર્યાદિત પૈસાને શ્રેષ્ઠ રીતે કેમ ખર્ચવા એ પાઠ પણ તેઓ શીખ્યાં હતાં.

જન્મદિને વધામણી

આરવ હાર્દિકકુમાર ભટ્ટ

કુશ બ્રિજેશકુમાર રાજદીપ

આરવ શિલ્પેશકુમાર પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

એસ વી સ્કૂલનાં બાળકોએ માણી એક દિવસના પ્રવાસની મજા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં બાળકો અમદાવાદ સ્થિત 'મનિયાર્સ વંડર લેન્ડ'માં એક દિવસીય પ્રવાસે જઈ આવ્યા. બાળકોને સ્કૂલબસ દ્વારા સફરની શરૂઆત કરાવવામાં આવી હતી. ત્યારબાદ, ક્લબમાં પહોચીને તમામને પૌષ્ટિક નાસ્તો અને બોર્નવિટા આપવામાં આવ્યા હતા. બાળકોએ આખો દિવસ વિવિધ રાઈડ્સ, ઈંનડોર ગેમ્સ, ટ્રેન, પ્લેઝોન, મસ્તીપ્લેનેટ, ફન- હાઉસ, ૫ - ડી મૂવી તથા ડિસ્કોની મજા માણી હતી. બપોરે તેમને ભોજનમાં અવનવી વાનગીઓ પીરસવામાં આવી હતી તથા સાંજે પોપકોર્ન અને કેપ આપવામાં આવ્યા હતા.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા મનોદિવ્યાંગ તાલીમ સંસ્થાની મુલાકાત

રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિશ્વ દિવ્યાંગ જન દિવસ (૩ ડિસેમ્બર)ના ઉપલક્ષમાં કુડાસણ ખાતે કાર્યરત મનોદિવ્યાંગ વ્યક્તિઓના ક્ષેત્રમાં કાર્યરત વિશેષ એજ્યુકેશન સેન્ટરની મુલાકાત લીધી હતી.તેમણે દિવ્યાંગ બાળકો સાથે એક કલાક જેટલો સમય વિતાવીને બાળકો તથા સંસ્થા પરિવારને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, વિશેષના સ્થાપક અને ચેરમેન અનુપભાઈ પરીખ, આચાર્ય ડૉ. ચિરાગ ઉપાધ્યાય, એકેડેમિક ડિરેક્ટર દિપાલી ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજ્ય મહિલા આયોગના ઉપક્રમે ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં વિદ્યાર્થિનીઓ માટે જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેક્ટર-૭, ગાંધીનગર ખાતે રાજ્ય મહિલા આયોગ દ્વારા બાળાઓ માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થિનીઓને 'ગુડ ટચ, બેડ ટચ' અંગે જાગૃતિ તથા 'સેલ્ફ ડિફેન્સ'ની તાલીમ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષ લીલાબેન અંકોલિયા, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વાઢેર, ઉપસચિવ પ્રેરકભાઈ પટેલ, શંકરભાઈ ચૌધરી, સેન્ધાભાઈ ચૌધરી, સુરક્ષા સેતુનાં સરોજબેન ચૌધરી, વડોદરાના પી.આઈ તથા ભગિની સંસ્થાના આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આચાર્ય રમીલાબેન ચૌધરીએ અતિથિઓ, આયોજક સંસ્થાઓ, નિષ્ણાતો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા બાળસેવા કરાઈ

વિશ્વ એઈડ્સ દિવસ તથા દિવ્યાંગતા દિવસના ઉપલક્ષમાં શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા ગાંધીનગરનાં વિવિધ સ્થળો ખાતે સેવાકાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. મૂક-બધિર શાળા, અંધ શાળા, અને સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે ૧૦૦થી વધુ બાળકોને પૂ. જલારામ બાપાની પ્રસાદીરૂપ બિસ્કીટ, ચણા, સિંગ, ચિક્કી, ટૂથપેસ્ટ અને વિવિધ પ્રકારની ચૉકલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન ખાતે

રાજ્ય કક્ષાની ત્રણ મેગા ઈવેન્ટ સફળતાપૂર્વક સંપન્ન

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન ખાતે આયોજિત રાજ્ય કક્ષાની ત્રણ મેગા ઈવેન્ટ - આયના, મૅગ્નેટ અને ઍન્ટરપ્રેન્યોર ફિએસ્ટા - સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ ત્રણેય મેગા ઈવેન્ટને વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો.

સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે કડી યુનિવર્સિટીના પરીક્ષા નિયામક પ્રો.પી. કે. શાહ, કમ્પ્યુટર વિભાગના ડિન ડો.સંજયભાઈ શાહ, માણેકલાલ એમ,પટેલ સાયન્સ ઈન્સ્ટીટ્યુટના આચાર્ય ડૉ. કેયૂરભાઈ શાહ તેમજ એસ. કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ તરફથી ડૉ. સોનુ ગુપ્તા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતની અનેક ખ્યાતનામ શાળાના વિદ્યાર્થીઓએ આ ત્રિદિવસીય મહોત્સવ માં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કળા પ્રદર્શિત કરી હતી. અત્રે ઉલેખનીય છે કે બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ માટે આ ઈવેન્ટ્સ નું આયોજન કરી દર વર્ષે શાળા તેમજ કોલેજના વિદ્યાર્થીઓને એક ઉત્કૃષ્ટ મંચ પૂરું પાડે છે.

કૉલેજના અધ્યાપકો દ્વારા તમામ વિદ્યાર્થીઓ દ્વારા થતા કાર્યનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ કાર્યના પ્રાયોગિક અમલીકરણ માટે સુસજ્જ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવતું હતું. વિદ્યાર્થીઓમાં સમારોહના સમાપન સમયે ઉત્સાહનાં ઘોડાપૂર ઉમટ્યાં હોય તેવું સુંદર વાતાવરણ સર્જાયું હતું. ઉત્સાહી વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ અમારા માટે અવિસ્મરણીય બની રહ્યો છે, જે અમારા જીવનના આવનારા પડકારોમાં અમારું પથદર્શન કરશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, ચીફ કો-ઓર્ડીનેટર ડૉ. જયેશ તન્ના, મેગ્નેટ ઈન્ચાર્જ પ્રો.અમિતા પ્રજાપતિ, એન્ટરપ્રેન્યોર ફિયેસ્ટા ઈન-ચાર્જ ડો. આશિષ ભુવાના સંચાલનમાં સમગ્ર કૉલેજ પરિવારની સક્રિય સહાયથી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.